અસીમ શ્રીવાસ્તવ,IFS
મુખ્ય વન સંરક્ષક વ
પ્રોજેક્ટ ડાયરેક્ટર
સીસીડીયુ – ટીએસસી

કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી
(સીસીડીયુ–ટીએસસી પ્રોજેક્ટ)
બ્લોક નં.૧૬.ત્રીજે માળ,ડૉ.જીવરાજ મહેતા
ભવન,ગાંધીનગર–૩૮૨ ૦૧૦
ટે.નં.૨૩૨ ૪૫૩૩૭ ફેક્સ નં. ૨૩૨૫૨૪૯૨

ક્રમાંકઃ–આરડીસી / ટીએસસી / સ્વર્ણિમ ગામ / ૨૦૧૦ / ૩૮૧
તારીખ: ૩૦/ ૦૮ /૧૦

પ્રતિ,

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,
જિલ્લો : (તમામ)

(૨) નિયામકશ્રી,
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,
જિલ્લો : (તમામ)

વિષયઃ–નિર્મળ ગુજરાત અન્વયે સ્વચ્છ ગામ – સ્વસ્થ ગામ – નિર્મળ ગામ બનાવવા માટે જુદી જુદી કામગીરી હાથ ધરવા બાબત.

સંદર્ભઃ–(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : ગવક / ૧૦૨૦૧૦ / એસએફએસ / ૫૭ / ખ.૨, તારીખ ૩૧–૩–૨૦૧૦.

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : ટીએસસી / ૧૦૨૦૧૦ / એસએફએસ / ૮૩ / ખ.૨, તારીખ ૩૦–૭–૨૦૧૦.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સ્વર્ણિમ ગુજરાત વર્ષ અંતર્ગત ચાલુ વર્ષ દરમ્યાન ૫૦૦૦ ગ્રામ પંચાયતો નિર્મળ ગામનું સ્ટેટસ પ્રાપ્ત કરે અને તાલુકાદીઠ બે ગ્રામ પંચાયતો ડીસે–૨૦૧૦ના અંતે "સ્વર્ણિમ ગામ" બને તે પ્રમાણેની કામગીરી કરવાની થાય છે. આ માટે થનાર ખર્ચને પહોંચી વળવા માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ બજેટ જોગવાઈ પૈકી સંદર્ભ–૧માં દર્શાવેલ તારીખ ૩૧–૩–૨૦૧૦ના ઠરાવથી રૂા. ૨૧૦૦.૦૦ લાખ અને સંદર્ભ (૨)માં દર્શાવેલ તારીખ ૩૦–૭–૨૦૧૦ના ઠરાવથી રૂા. ૯૫૦૧.૮૦ લાખ મળી કુલ રૂા. ૧૧૬૦૧.૮૦ લાખનો નિર્મળ ગુજરાત અંતર્ગત વિવિધ કામગીરી કરવા માટે ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

સંદર્ભ(૨) હેઠળના તારીખ ૩૦–૭–૨૦૧૦ના ઠરાવથી ચાલુ વર્ષ દરમ્યાન કરવાની થતી વિવિધ કામગીરીની વિગતો, તેના માટેના ખર્ચની મર્યાદા તેમજ આ કામગીરી પૂર્ણ કરવા ખૂટતી રકમ માટે કન્વર્ઝન્સ કરવા માટેની વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. સંદર્ભ (૨) હેઠળના તારીખ ૩૦–૭–૨૦૧૦ના ઠરાવની સૂચનાઓ અંતર્ગત તમામ જિલ્લાઓને કરવાની થતી કામગીરી માટે વર્ષ દરમ્યાન કેટ કેટલી રકમની જરૂરીયાત રહેશે તેનું કામગીરીવાર જિલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક તૈયાર કરી આ સાથે મોકલી આપવામાં આવે છે. આ પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે તમામ જિલ્લાઓને "નિર્મળ ગુજરાત" અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી અત્રેની હિસાબી શાખા તરફથી અલગથી કરવામાં આવશે.

જિલ્લાઓને ફાળવવામાં આવતી આ ગ્રાન્ટમાંથી ખર્ચ કરતાં પહેલાં – તાલુકા કે ગ્રામ્યકક્ષાએ ગ્રાન્ટ તબદીલ કરતાં પહેલાં જિલ્લા સુખાકારી સમિતિ ધ્વારા નીચે પ્રમાણેની ખાતરી કરવાની રહેશે.

(૧) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા ગ્રામ પંચાયતવાર લાભ મેળવેલ તમામ એપીએલ લાભાર્થીઓ (નિર્મળ ગુજરાત તેમજ અન્ય યોજના હેઠળ મેળવેલ લાભની યાદી બનાવી જિલ્લા સુખાકારી સમિતિને સમીક્ષા તેમજ મંજૂરી માટે રજુ કરશે.

(૨) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા ગંદાપાણીના નિકાલની વ્યવસ્થા માટે કરવામાં આવેલી કામગીરીની ગ્રામ પંચાયતવાઈઝ વિગતો એકત્રિત કરી જિલ્લા સુખાકારી સમિતિને સમીક્ષા અને મંજૂરી માટે રજુ કરશે.

(૩) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા ઉકરડા મેનેજમેન્ટ જેમાં ઉકરડા ખસેડવા, કમ્પોસ્ટ / વર્મી કમ્પોસ્ટની વ્યવસ્થા કરવામાં આવેલ છે તેની ગ્રામ પંચાયતવાઈઝ વિગતો એકત્રિત કરી જિલ્લા સુખાકારી સમિતિને સમીક્ષા અને મંજૂરી માટે રજુ કરશે.

(૪) જિલ્લાને ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી થયેલ તમામ કામગીરીનું થર્ડ પાર્ટી મોનીટરીગ એન્ડ ઈવેલ્યુએશનની કામગીરી રાજયકક્ષાએથી સંસ્થાઓ નિયત કરીને કરાવવામાં અ ાવશે. પરંતુ આ થયેલી કામગીરી માટે કરવાનું થતું ચૂકવણું જે તે જિલ્લાએથી કરવાનું રહેશે.

(૫) જે એપીએલ લાભાર્થીઓને શૌચાલય બનાવવા માટે પ્રોત્સાહનની રકમ આપવાની છે તેવા <u>સૂચિત એપીએલ લાભાર્થીઓની</u> ગ્રામ પંચાયતવાર યાદી (જેમાં લાભાર્થીનું નામ તેમજ ઘર નંબર સાથેનું) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા તૈયાર કરી જિલ્લા સુખાકારી સમિતિની મંજૂરી માટે રજુ કરવાની રહેશે.

(૬) નિર્મળ ગુજરાત અંતર્ગત અગાઉના વર્ષો દરમ્યાન છૂટી કરવામાં આવેલ ગ્રાન્ટ (રકમ)માંથી કરવામાં આવેલ કામગીરીનું ભૌતિક કામગીરી સામે થયેલ ખર્ચનું રીકન્સીલીએશન કરી આ થયેલ ખર્ચ નિયત ધોરણસર થયેલ છે તેની જિલ્લા સુખાકારી સમિતિની મંજૂરી મળ્યા બાદ ચાલુ વર્ષ માટે છૂટી કરવામાં આવેલ ગ્રાન્ટનો ઉપયોગ કરી શકાશે.

(૭) વ્યકિતગત લાભાર્થીઓને કરવામાં આવતી તમામ ચૂકવણી એકાઉન્ટ–પેઈ ચેકથી જ કરવાની રહેશે.

(૮) સૂચિત એપીએલ લાભાર્થીઓને ચૂકવવાની થતી રકમ માટે પ્રથમ તેમના ધ્વારા શૌચાલય બનાવવાની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે તેની વિગતો જિલ્લા સુખાકારી સમિતિ ધ્વારા મેળવીને તેટલી જ રકમ તાલુકા / ગ્રામ પંચાયતની સુખાકારી સમિતિને છૂટી કરવાની રહેશે. વ્યકિતગત સૂચિત લાભાર્થીઓ માટે એડહોક ધોરણે એડવાન્સમાં કોઈ રકમ છૂટી કરવાની રહેશે નહી.

(૯) વખતો–વખત નિયત કરવામાં આવતાં નમુનામાં તમામ ગ્રામ પંચાયતોએ યુટીલાઈઝેશન સર્ટીફીકેટ આપવાનું રહેશે તેમજ ગ્રામ પંચાયત સુખાકારી સમિતિના ખાતાઓનું ઓડિટ ચાર્ટડ એકાઉટન્ટ / લોકલ ફંડ ઓડિટ પાસે કરાવવાનું રહેશે.

(અસીમ શ્રીવાસ્તવ)

બિડાણ : પત્રક.

પંચાયત, ગ્રા· ·હ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ટી.એસ.સી 102010-sfs-83· ..ર, તા. 30-07-2010 અનુસાર

નિર્મળ ગુજરાત - યોજના અન્વયે સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ અન્વયે જુદી જુદી કામગીરી હાથ ધરવા માટે નાણાંકીય ફાળવણીનુ પત્રક — ₹ લાખ માં

| અ.નં. | જિલ્લાનું નામ | નિર્મળ ગુજરાત અંતર્ગત કુલ જરૂરિયાત | | | | | | | | કુલ ફાળવાની રકમ | જુલાઇ 2010 ના અંતે જીલ્લા પાસે બચત રકમ | જીલ્લા પાસે કુલ ઉપલબ્ધ રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઘન કચરાના નિકાલની વ્યવસ્થા માટે (૫૦૦૦ ગ્રા. પં માટે) | પ્રવાહી ગંદા પાણીના નિકાલની કામગીરી માટે (તાલુકા દીઠ ૨ સ્વર્ણિમ ગ્રામ પંચાયત માટે) | ગ્રામ પંચાયત કક્ષાના મોબીલા. / મોટી. માટે (મુસાફરી ખર્ચ સહિત) (૫૦૦૦ ગ્રા. પં માટે) | તાલુકા કક્ષાએ મોબીલા./ મોટી. માટે (મુસાફરી ખર્ચ સહિત) ત્રણ તાલુકા દીઠ ૧ મોબીલાઇઝર પ્રમાણે | એપીએલ કુટુંબો માટે પ્રોત્સાહક રકમ | થર્ડ પાર્ટી મોનીટરીંગ / ઈવેલ્યએશન માટે | તાલીમ | IEC પ્રવૃતિઓ માટે | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | અમદાવાદ | ૧૬.૩૮ | ૧૮૬.૯૧ | ૭.૧૪ | ૩.૨૮ | ૩૬૦.૦૦ | ૯.૧૦ | ૪.૦૮ | ૭.૬૪ | ૫૯૪.૫૩ | ૨૪૪.૧૮ | ૮૩૮.૭૧ |
| ૨ | અમરેલી | ૧૨.૪૧ | ૧૯૫.૮૧ | ૫.૭૧ | ૪.૩૮ | ૧૬૬.૦૦ | ૬.૯૯ | ૩.૨૮ | ૫.૭૯ | ૪૦૦.૨૮ | ૨૧૫.૪૬ | ૬૧૫.૭૪ |
| ૩ | આણંદ | ૨૦.૨૭ | ૧૫૧.૩૧ | ૮.૫૭ | ૩.૨૮ | ૪૫.૦૦ | ૧૧.૨૬ | ૪.૮૫ | ૯.૪૬ | ૨૫૪.૦૦ | ૧૨૦.૯૦ | ૩૭૪.૯૦ |
| ૪ | બનાસકંઠા | ૧૧.૦૮ | ૨૩૧.૪૨ | ૫.૦૦ | ૪.૩૮ | ૪૦૩.૦૦ | ૬.૧૬ | ૩.૦૨ | ૫.૧૭ | ૫૬૯.૨૩ | ૨૪૬.૩૮ | ૮૧૫.૬૧ |
| ૫ | ભરૂચ | ૩૦.૩૬ | ૧૪૨.૪૧ | ૧૨.૮૬ | ૩.૨૮ | ૬૫.૦૦ | ૧૬.૮૭ | ૬.૮૭ | ૧૪.૧૭ | ૨૯૧.૮૧ | ૪૦.૮૮ | ૩૩૨.૬૯ |
| ૬ | ભાવનગર | ૪૬.૧૬ | ૨૦૪.૭૨ | ૨૦.૦૦ | ૪.૩૮ | ૧૨૬.૦૦ | ૨૫.૬૪ | ૧૦.૦૩ | ૨૧.૫૪ | ૪૫૮.૪૭ | ૨૪૫.૨૫ | ૭૦૩.૭૨ |
| ૭ | દાહોદ | ૧૯.૭૭ | ૧૨૪.૬૧ | ૮.૫૭ | ૨.૧૯ | ૧૨૪.૦૦ | ૧૦.૯૮ | ૪.૭૫ | ૯.૨૩ | ૩૦૪.૧૦ | ૧૯૮.૨૬ | ૫૦૨.૩૬ |
| ૮ | ડાંગ | ૪.૨૨ | ૧૭.૮૦ | ૨.૧૪ | - | ૩૮.૦૦ | ૨.૩૪ | ૧.૬૪ | ૧.૯૭ | ૬૮.૧૨ | ૩૮૭.૭૧ | ૪૫૫.૮૩ |
| ૯ | ગાંધીનગર | ૩.૮૯ | ૭૧.૨૧ | ૧.૪૩ | ૧.૦૯ | ૪૦૧.૦૦ | ૨.૧૬ | ૧.૫૮ | ૧.૮૧ | ૪૮૪.૧૭ | ૧૭૪.૬૦ | ૬૫૮.૭૭ |
| ૧૦ | જામનગર | ૧૧.૮૩ | ૧૭૮.૦૧ | ૫.૦૦ | ૩.૨૮ | ૧૫૨.૦૦ | ૬.૫૭ | ૩.૧૭ | ૫.૫૨ | ૩૬૫.૩૮ | ૩૬૮.૪૬ | ૭૩૩.૮૪ |
| ૧૧ | જુનાગઢ | ૧૪.૨૩ | ૨૪૯.૨૨ | ૬.૪૩ | ૫.૪૭ | ૩૨૮.૦૦ | ૭.૯૦ | ૩.૬૫ | ૬.૬૪ | ૬૨૧.૫૪ | ૧૫૮.૯૩ | ૭૮૦.૪૭ |
| ૧૨ | કચ્છ | ૨૨.૪૨ | ૧૭૮.૦૧ | ૧૦.૦૦ | ૩.૨૮ | ૪૫૩.૦૦ | ૧૨.૪૫ | ૫.૨૮ | ૧૦.૪૬ | ૬૯૪.૯૧ | ૭૧૫.૨૮ | ૧,૪૧૦.૧૯ |
| ૧૩ | ખેડા | ૩૧.૧૯ | ૧૭૮.૦૧ | ૧૩.૫૭ | ૩.૨૮ | ૨૨૯.૦૦ | ૧૭.૩૩ | ૭.૦૪ | ૧૪.૫૫ | ૪૯૩.૯૭ | ૯૪.૭૫ | ૫૮૮.૭૨ |
| ૧૪ | મહેસાણા | ૧૫.૫૫ | ૧૬૦.૨૧ | ૬.૪૩ | ૩.૨૮ | ૬૪.૦૦ | ૮.૬૪ | ૩.૯૧ | ૭.૨૬ | ૨૬૯.૨૮ | -૨૧.૨૬ | ૨૪૮.૦૨ |
| ૧૫ | નર્મદા | ૬.૪૫ | ૭૧.૨૧ | ૨.૮૬ | ૧.૦૯ | ૨૭.૦૦ | ૩.૫૮ | ૨.૦૯ | ૩.૦૧ | ૧૧૭.૩૦ | ૨૦૨.૨૧ | ૩૧૯.૫૧ |
| ૧૬ | નવસારી | ૮.૧૧ | ૮૯.૦૧ | ૩.૫૭ | ૨.૧૯ | ૯૯.૦૦ | ૪.૫૦ | ૨.૪૨ | ૩.૭૮ | ૨૧૨.૫૯ | ૨૩૦.૧૧ | ૪૪૨.૭૦ |
| ૧૭ | પંચમહલ | ૨૩.૭૪ | ૧૯૫.૮૧ | ૧૦.૦૦ | ૪.૩૮ | ૬૪૦.૦૦ | ૧૩.૧૯ | ૫.૫૫ | ૧૧.૦૮ | ૯૦૩.૭૫ | ૨૪૨.૭૮ | ૧,૧૪૬.૫૩ |
| ૧૮ | પાટણ | ૧૫.૮૮ | ૧૨૪.૬૧ | ૭.૧૪ | ૨.૧૯ | ૧૫૭.૦૦ | ૮.૮૨ | ૩.૯૮ | ૭.૪૧ | ૩૨૭.૦૪ | -૨૨.૨૯ | ૩૦૪.૭૫ |
| ૧૯ | પોરબંદર | ૧૧.૯૯ | ૫૩.૪૦ | ૫.૦૦ | ૧.૦૯ | ૮૫.૦૦ | ૬.૬૬ | ૩.૨૦ | ૫.૬૦ | ૧૭૧.૯૫ | ૪૨૫.૧૫ | ૫૯૭.૧૦ |
| ૨૦ | રાજકોટ | ૧૧.૫૮ | ૨૫૮.૧૨ | ૫.૦૦ | ૫.૪૭ | ૪૦૬.૦૦ | ૬.૪૩ | ૩.૧૨ | ૫.૪૦ | ૭૦૧.૧૩ | ૪૭૦.૦૩ | ૧,૧૭૧.૧૬ |
| ૨૧ | સાબરકંઠા | ૨૧.૨૬ | ૨૪૦.૩૨ | ૯.૨૯ | ૪.૩૮ | ૬૪૫.૦૦ | ૧૧.૮૧ | ૫.૦૫ | ૯.૯૩ | ૯૪૭.૦૪ | ૨૮.૬૫ | ૯૭૫.૬૯ |
| ૨૨ | સુરત | ૩૬.૮૯ | ૨૪૯.૨૨ | ૧૫.૭૧ | ૫.૪૭ | ૩૦૪.૦૦ | ૨૦.૫૦ | ૮.૯૮ | ૧૭.૨૨ | ૬૫૭.૯૯ | ૪૩૦.૬૧ | ૧,૦૮૮.૬૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૩.૯૯ | ૧૭૮.૦૧ | ૧૦.૭૧ | ૩.૨૮ | ૩૬૯.૦૦ | ૧૩.૩૩ | ૫.૬૦ | ૧૧.૧૯ | ૬૧૪.૧૨ | ૭૦.૫૦ | ૬૮૪.૬૨ |
| ૨૪ | વડોદરા | ૨૦.૨૭ | ૨૧૩.૬૨ | ૮.૫૭ | ૪.૩૮ | ૧૬૭.૦૦ | ૧૧.૨૬ | ૪.૮૫ | ૯.૪૬ | ૪૩૯.૪૧ | -૯.૦૩ | ૪૩૦.૩૮ |
| ૨૫ | વલસાડ | ૧૦.૦૯ | ૮૯.૦૧ | ૪.૨૯ | ૨.૧૯ | ૩૯૭.૦૦ | ૫.૬૧ | ૨.૮૨ | ૪.૭૧ | ૫૧૫.૭૧ | ૪૬૦.૧૦ | ૯૭૫.૮૧ |
| | કુલ.... | ૪૫૦.૦૦ | ૪,૦૩૨.૦૦ | ૧૯૫.૦૦ | ૮૧.૦૦ | ૬,૨૫૦.૦૦ | ૨૫૦.૦૦ | ૧૧૦.૮૦ | ૨૧૦.૦૧ | ૧૧,૫૭૮.૮૦ | ૫,૬૧૯.૬૦ | ૧૭,૧૯૮.૩૯ |
| | ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિ. (સપોર્ટ ઓર્ગેનાઇઝેશન) ને ફાળવવાની રકમ | | | | | | | | | ૨૩.૦૦ | | |
| | કુલ.... | ૪૫૦.૦૦ | ૪,૦૩૨.૦૦ | ૧૯૫.૦૦ | ૮૧.૦૦ | ૬,૨૫૦.૦૦ | ૨૫૦.૦૦ | ૧૧૦.૮૦ | ૨૧૦.૦૧ | ૧૧,૬૦૧.૮૦ | | |